# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૬ અંક : ૩૦૦ તા. ૨૦-૦૮-૨૦૨૦ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

**ડ્રાઈવર ?**



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ
**staffavailable.com**
ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો
**તદ્દન ફ્રી**
**staffavailable.com**

## બે આંકડાના શેરોમાં ફરી એક વખત જોરદાર ફેન્સી

બે આંકડાના શેરોમાં ફરી એક વખત જોરદાર ફેન્સી શરૂ થઈ ગઈ છે અને તેથી આ વખતે આવા શેરો ઉપર થોડું વધારે ધ્યાન આપ્યું છે.

ભારત સરકાર હસ્તકની **ભેલ**નો શેર અત્યારે ફક્ત રૂ. ૪૦ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં સુંદર ઉછાળાની જગ્યા દેખાય છે. શોર્ટટર્મ ખેલાડીઓ ભેલના શેરમાં રૂ. ૪૫ અને તે પછી રૂ. ૫૦નો ભાવ જોઈ રહ્યા છે. તેવી જ રીતે રૂ. ૩૪ ઉપરની **થોમસકૂક**ના શેરમાં પણ સુંદર વૃદ્ધિની ગણતરી. ટ્રાવેલ અને ટુરિઝમ ફરી વખત શરૂ થતા થોમસકૂકને ફાયદો થશે તેવી ગણતરી છે અને તે પાછળ આ શેરને આવતા થોડા દિવસોમાં રૂ. ૪૦ ઉપર લાવી દે તો નવાઈ નહીં લાગે.

ઈલેક્ટ્રિક બસનું ઉત્પાદન કરતી **ઓલેક્ટ્રા**નો શેર અત્યારે રૂ. ૬૮ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં રૂ. ૭૫-૭૮નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

**ઝી લર્નિંગ**ના રૂ. ૧૬વાળા શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. સુભાષ ગોયલ આ કંપની પોતાની પાસે રાખે અને તેમાં ઝડપી વિકાસ થાય તે સંભાવના મજબૂત છે. રૂ. ૧૬ના ભાવે ખોટો નથી. ક્યારે રૂ. ૨૦ થઈ જશે તે પણ ખબર નહિ પડે.

કુમાર મંગલમ્ બિરલાની **આદિત્ય બિરલા ફેશન એન્ડ રીટેઈલ**નો શેર અત્યારે રૂ. ૧૩૦ ઉપર ચાલે છે અને તે શેરમાં પણ સુંદર આકર્ષણ છે. આગામી દિવસોમાં આ

**વિનાઇન કેમિકલ્સના રૂ. ૯૩વાળા શેરમાં પણ આકર્ષણ વધ્યું છ**

શેરમાં રૂ. ૧૫૦-૧૬૦નો ભાવ આવી જવાની ગણતરી અને થોડાક શેરો લઈને મૂકી શકાય.

આઈએફસીઆઈની નાની બેન **ટીએફસીઆઈ**નો શેર અત્યારે રૂ. ૩૯ ઉપર ચાલે છે અને તે શેરમાં પણ આકર્ષણ છે. આ કંપની હોટલો માટે ધિરાણ આપે છે અને તેનો ફેંસલો થઈ જાય તે સંભાવના મજબૂત છે. શોર્ટટર્મમાં આ શેરને રૂ. ૪૫ સુધી ઊંચકી દે તો પણ નવાઈ નહીં લાગે.

**વિનાઇન કેમિકલ્સ**ના રૂ. ૯૩વાળા શેરમાં પણ આકર્ષણ વધ્યું છે અને આવતા થોડા દિવસોમાં રૂ. ૯૯-૧૦૧નો ભાવ જોવા મળવાની ગણતરી છે. જ્યારે **મદ્રાસ ફર્ટિલાઈઝર**ના શેરમાં દાખલ થવાની વાત કરી હતી અને મદ્રાસ ફર્ટિલાઈઝર અત્યારે રૂ. ૨૦.૭૫ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂ. ૨૩નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

અસંખ્ય સ્મોલકેપ શેરો અત્યારે સારા એવા વધી ગયા છે અને તેથી ઝડપથી વધી રહેલા આ શેરોમાં ખૂબ જ સાવચેતીપૂર્વક કામ કરવું જરૂરી.

રીયલ એસ્ટેટ કંપનીઓ માટે કામ કરતી મુંબઈની **કેપેસીટ્સ ઇન્ફ્રા**માં રૂ. ૧૧૪વાળા શેરમાં પણ ઝડપી ઉછાળાની ગણતરી. રીયલ એસ્ટેટ પ્રોજેક્ટો ફરી શરૂ થશે અને કેપેસીટ્સને ફાયદો થશે તે ગણતરી છે. આવતા થોડા દિવસોમાં આંકડાની અદલા બદલી કરીને રૂ. ૧૪૧નો ભાવ બતાવી દે તો નવાઈ નહીં લાગે.

ઓટો એન્સીલરી કંપની **રીકો ઓટો** અત્યારે રૂ. ૩૧ ઉપર ચાલે છે અને તે શેર પણ ધીરે ધીરે વધીને રૂ. ૩૫ અને તે પછી રૂ. ૪૦ સુધી ઊંચકી દેવાય તે સંભાવના મજબૂત છે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ મુંબઈની હોટલ કંપની **ચેલેટ હોટલ** ઉપર સ્થિર થયું છે. એમ તો થોડા દિવસોમાં આ શેર વધીને રૂ. ૧૪૫ ઉપર આવ્યો છે અને હજી તેમાં રૂ. ૧૦ના ઉછાળાની જગ્યા છે.

**સબ્રોસ**ના શેરે છેલ્લા થોડા દિવસોમાં જોરદાર ઉછાળો બતાવી દીધો. મારૂતિ કાર માટે એરકન્ડીશનર બનાવતી આ કંપનીમાં હવે રૂ. ૨૨૭નો ભાવ છે અને તેમાં ઝડપથી પ્રોફિટ બુકીંગ શરૂ કરી દેવું. તેવી જ રીતે **ગેલેક્સી સર્ફક્ટન્ટ**નો શેર અત્યારે રૂ. ૧૮૮૬ ઉપર આવી ગયો છે અને તે શેરમાં પણ પ્રોફિટ બુકીંગ શરૂ કરી દેવાય. વધારે લોભ કરવા જેવો નથી.

ટ્રાન્સપોર્ટ કંપની **ટીસીઆઈ**નો શેર લેવાની વાત કરી હતી.ટીસીઆઈ અત્યારે રૂ. ૨૧૦ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તે શેરમાં જોરદાર ઉછાળાની જગ્યા દેખાય છે.

સામે પક્ષે **મહિન્દ્રા હોલિડે રિસોર્ટ** કે જે ક્લબ મહિન્દ્રા બ્રાન્ડ હેઠળ શૃંખલા ધરાવે છે તેના રૂ. ૧૮૨વાળા શેરમાં પણ જોરદાર ઉછાળાની ગણતરી છે. વિવિધ લોકેશન ઉપર ટુરિસ્ટો જવા લાગ્યા છે. અને જે રીતે અત્યારે પૂછપરછ છે તે જોતા આવતા થોડા દિવસોમાં જ આ શેર રૂ. ૨૧૫ અને તે પછી રૂ. ૨૩૨ ઉપર આવી જાય તો નવાઈ નહીં લાગે. તમારી પાસે થોડા શેરો હોય તો બીજા શેરો ઉમેરીને પડતર નીચી લાવી શકાય.




**પ્રાઈમ ફોકસ**ના શેરે છેલ્લા થોડા દિવસોમાં સુંદર ઉછાળો બતાવ્યો. હવે રૂ. ૪૩ ઉપર આવી ગયેલા આ શેરમાં લાંબું ખેંચવા જેવું નથી અને તેમાં પ્રોફિટ બુકીંગ શરૂ કરી દેવાય.

**ઓરિસ્સા મીનરલ**નો શેર અત્યારે રૂ. ૨૯૯૦ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂ. ૩૬૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે અને તેથી ઝડપી ફરનાર માટે શેર આકર્ષક.

**ઈઆઈએચ લિમિટેડ**નો શેર કવર કરવાનું દર્શાવેલું. અત્યારે વધીને રૂ. ૭૬ ઉપર છે અને હજી આ શેરમાં નાના ઉછાળાની જગ્યા દેખાય છે. સામે પક્ષે **ઇન્ડિયન હોટલ**નો શેર રૂ. ૯૮ ઉપર આવી ગયો છે. ઈન્વેસ્ટમેન્ટની રીતે શેર જાળવી શકાય. પરંતુ શોર્ટટર્મમાં હવે નફો બુક કરવા તૈયારી રહેવું.

ગયા અઠવાડિયે **ભારત ફોર્જ**ના શેરમાં કરન્ટની સંભાવના આપેલી, ભારત ફોર્જ રૂ. ૪૦૮ ગયા અઠવાડિયે હતો અને અત્યારે વધીને રૂ. ૫૦૩ ઉપર આવી ગયો છે એટલે કે પાંચ જ દિવસમાં રૂ. ૧૦૦નો તોતીંગ ઉછાળો બતાવી દીધો. આ શેરમાં હવે ઝડપથી રોકડી કરવામાં જ સલામતી છે.

લેડિઝ ચડ્ડી બનાવતી **લવેબલ**નો શેર ઝડપથી વધીને રૂ. ૬૫ ઉપર આવ્યો છે અને આ શેરમાં હવેના ઉછાળે થોડુંક પ્રોફિટ બુકીંગ શરૂ કરી શકાય.

સિમેન્ટ શેરોમાં આકર્ષણ વધતું જાય છે અને તે દષ્ટિએ રૂ. ૨૨૨વાળો **અંબુજા સિમેન્ટ**નો શેર ધ્યાન ખેંચે છે. આવતા થોડા દિવસોમાં રૂ. ૨૩૨ અને તે પછીના ઉછાળે રૂ. ૨૪૨નો ભાવ જોવા મળવાની ગણતરી છે. શોર્ટટર્મ એન્ગલથી **બર્જર પેઈન્ટ્સ**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે એકતરફ એશિયન પેઈન્ટ્ અને મીડકેપમાં બર્જર પેઈન્ટનો શેર ખેલાડીઓના ધ્યાને ચઢ્યો છે. અત્યારે રૂ. ૫૫૧ ઉપરછે અને આવતા થોડા દિવસોમાં રૂ. ૫૭૫નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

તેવી જ રીતે **સનટીવી**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે. દક્ષિણ ભારતની આ ટોચની કંપનીમાં અત્યારે રૂ. ૪૦૬નો ભાવ ચાલી રહ્યો છે અને તેમાં બે કે ત્રણ અઠવાડિયામાં રૂ. ૪૩૦નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે.

ઈલેક્ટ્રિકલ આઈટમ બનાવતી **હેવલ્સ**માં પણ હવે માંગ સુધરવાનો આશાવાદ છે. હેવલ્સ અત્યારે રૂ. ૬૧૨ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂ. ૬૩૨નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે.

વેદાંતા ગ્રૂપની અને સારું ડિવિડન્ડ આપતી **હિન્દુસ્તાન ઝીંક**ને એકતરફ ચાંદીની જોરદાર તેજી અને બીજી તરફ ઝીંકના ભાવ પણ વધવાનો ફાયદો મળી રહ્યો છે. ગયા અઠવાડિયે પણ આ શેર કવર કરવાની વાત કરી હતી. હિન્દુસ્તાન ઝીંક અત્યારે રૂ. ૨૩૯ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂ. ૨૫૯ અને તે પછી રૂ. ૨૬૯નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

તાતા ગ્રૂપની **વોલ્ટાસ** વિવિધ પ્રોજેક્ટોનું કામ પણ કરે છે. અત્યારે રૂ. ૬૧૯ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂ. ૬૪૫નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે.

પિત્ઝાની શૃંખલા હજી શરૂ નથી થઈ અને તે પહેલા જ **જ્યુબીલન્ટ ફુડ**ના શેરને ઝડપથી ઊંચકી દેવાયો, શેર અત્યારે રૂ. ૧૮૯૩ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂ. ૧૦૦-૧૫૦ના ઝડપી ઉછાળાની જગ્યા છે. થોડાક શેર લઈને મૂકી દેવાય.

ઓટોમોબાઈલ બેટરી બનાવતી કંપની **એક્સાઈડ ઇન્ડસ્ટ્રીઝ**ના શેરમાં જોરદાર આકર્ષણ છે. અત્યારે રૂ. ૧૬૬ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂ. ૧૭૬ ઉપર આવી જવાની ગણતરી છે. તે જ પ્રકારે અન્ય હેટરી કંપની **અમરરાજા બેટરી**માં પણ જોરદાર ફેન્સી દેખાય છે. અમરરાજા અત્યારે રૂ. ૭૪૪ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂ. ૭૮૪નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ **ટીવીએસ મોટર્સ**ના શેરમાં પણ વધ્યું છે. ગયા અંકમાં રૂ. ૪૨૨ના ભાવે શેર પકડવાની વાત કરી હતી. અત્યારે રૂ. ૪૩૦ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં રૂ. ૪૬૦નો ભાવ બતાવી દે તે સંભાવના મજબૂત છે.

તેવી જ રીતે રૂ. ૧૬૧વાળા **દીપક ફર્ટિલાઈઝર**ના શેરમાં પણ જોરદાર ફેન્સી છે. અગાઉ પણ આ શેર પકડી લેવાની વાત કરી હતી. દીપક ફર્ટિલાઈઝર અત્યારે રૂ. ૧૬૧ ઉપર મળી રહ્યો છે અને આવતા થોડા દિવસોમાં રૂ. ૧૭૧ અને તે પછી રૂ. ૧૮૧નો ભાવ આવી જવાની ગણતરી.

સામે પક્ષે ફાર્મા શેરોમાં સુધારો શરૂ થયો છે. **યુનિકેમ લેબોરેટરીઝ** અત્યારે રૂ. ૧૫૨ ઉપર છે અને આ શેરમાં આગામી દિવસોમાં રૂ. ૨૮૨નો ભાવ આવી જવાની ગણતરી છે અને તેથી વધારે નહિ તો ૧૦ કે ૨૦ શેર લઈને મૂકી દેવાય.

સામે પક્ષે **અદાણી પાવર**ની બાયબેક શરતોમાં કંઈ ફેરફાર આવે તે સંભાવના છે. રૂ. ૩૧ વાળો શેર અત્યારે વધીને રૂ. ૩૭.૬૫ ઉપર આવી ગયો છે. અને આવતા થોડા દિવસોમાં રૂ. ૪૦ ઉપર આવી જવાની ગણતરી છે.

તેવી જ રીતે ખેલાડીઓનું આકર્ષણ **તાતા પાવર**માં પણ વધ્યું છે. આગામી દિવસોમાં રૂ.૧૦ની નોટ મળી જવાની ગણતરી છે.

કોરોના વાયરસના કારણે **એપોલો હોસ્પિટલ**ના બિઝનેસમાં પણ સુધારાની જગ્યા દેખાય છે. અત્યારે રૂ. ૧૮૦૨ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂ. ૧૮૧૬ અને તે પછી રૂ. ૧૮૫૬ ઉપર આવી જવાની સંભાવના મજબૂત છે અને તેથી પાંચ કે દસ શેર લઈને મૂકી શકાય.

આયર્નઓરનું ખાણકામ કરી રહેલી **એનએમડીસી**નો શેર અત્યારે રૂ. ૯૩ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં રૂ. ૯૯નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે. સ્ટીલ ઉદ્યોગ તેજીમાં હોવાનો ફાયદો એનએમડીસીને પણ મળી શકશે અને તેથી શેરમાં આકર્ષણ જોવાય છે.

સામે પક્ષે **ડિવીસ લેબ**ના શેરે છેલ્લા થોડા દિવસોમાં જોરદાર ઉછાળો બતાવી દીધો, ડિવિસ અત્યારે રૂ. ૩૧૨૫ ઉપર આવી ગયો છે અને તેમાં ઝડપથી પ્રોફિટ બુકીંગ શરૂ કરી દેવું, આ શેરમાં લોભ રાખવાની જરૂરન થી.

મલ્ટીનેશનલ કંપની **એબોટ**ના શેરમાં પણ ફેન્સી શરૂ થઈ છે. એબોટ અત્યારે રૂ. ૧૬૬૭૩ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂ. ૧૮૬૭૩નો ભાવ આવી જાય તો પણ નવાઈ નહીં લાગે.

તે જ પ્રકારે સ્પાર્ક પ્લગ બનાવતી **બોશ**નો શેર પણ ઝડપથી વધતો જાય છે. રૂ. ૧૪૩૯૭વાળા આ શેરમાં જોરદાર ઉછાળાની જગ્યા અને તેથી થોડાક શેર લઈને મૂકી શકાય.

**આઈસીઆઈસીઆઈ પ્રૂ. લાઈફ**નો શેર કવર કરવાનું ગયા અંકમાં પણ દર્શાવેલું. શેર અત્યારે વધીને રૂ. ૪૭૧ ઉપર આવી ગયો છે અને તેમાં એકદમ ધીમા સુધારા સાથે રૂ. ૫૨૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે. થોડાક શેર લઈને મૂકી શકાય.

જ્યારે **કેડિલા હેલ્થકેર**નો શેર ધીરે ધીરે વધતો જાય છે. રૂ. ૩૮૬વાળા આ શેરમાં એકદમ ઝડપી ઉછાળો નથી દેખાતો અને તેમાં ધીરે ધીરે સુધારો જોવાશે. રીયલ એસ્ટેટ કંપનીઓમાં પણ ટ્રેન્ડ બદલાયો છે. રૂ. ૭૦૯વાળી **ગોદરેજ પ્રોપર્ટીઝ**નો શેર ખેલાડીઓ કવર કરી રહ્યા છે અને આવતા થોડા દિવસોમાં રૂ. ૭૨૦ અને તે પછી રૂ. ૭૩૨નો ભાવ જોવા મળવાની ગણતરી છે. તે જ પ્રકારે નવીદિલ્હીની **ડીએલએફ**માં રૂ. ૧૪૮ના ભાવે આકર્ષણ વધ્યું છે અને તેમાં થોડુંક રોકામ કરી શકાય. આવતા થોડા દિવસોમાં તેમાં પણ વધવાની ગણતરી.

**પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝ**નો શેર હજી ટૂંકી વધઘટ ઉપર અથડાઈ રહ્યો છે. રૂ. ૧૩૮૦વાળા શેરમાં પણ ફોકસ કરવું. જે રીતે એશિયન પેઈન્ટ્સનો શેર વધવા લાગ્યો તેમ પીડીલાઈટનો શેર પણ દોડવા લાગે તે સંભાવના મજબૂત છે.

સામે પક્ષે **બાયોકોન**ના શેરમાં અત્યારે ઘટાડાનો ટ્રેન્ડ દેખાય છે. થોડા દિવસોમાં આ શેરે તેજી પૂરી કરી નાખી અને અત્યારે રૂ. ૩૯૩વાળો આ શેર આવતા થોડા દિવસોમાં ઘટીને રૂ. ૩૮૫-૩૭૬ સુધી નીચો આવી જવાની સંભાવના છે.

બંધન બેંકના શેરમાં પણ હજી નબળાઈનો તબક્કો છે. માઈક્રો ફિનાન્સ માટે ધિરાણ આપતી આ કંપનીમાં ઘાલખીધનો ભય વધવાની ગણતરી છે. અત્યારના રૂ. ૨૯૧ના ભાવે આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂ. ૨૮૧નો ભાવ આવી જાય તો પણ નવાઈ નહીં લાગે.અને તે લેવલ તૂટે રૂ. ૨૭૦ સુધી ઉતરી જવાની ગણતરી.

નાણાભીડને કારણે અત્યારે અનેક લોકોએ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાનું અટકાવી દીધું છે અને તેની અસર **એચડીએફસી એએમસી** ઉપર પડી રહી છે. છેલ્લા થોડા દિવસોમાં ઘટીને રૂ. ૨૩૨૭ ઉપર તો આવી ગયો પરંતુ હવે તેમાં ટ્રેન્ડ બદલાય તે સંભાવના મજબૂત છે. અમારી ગણતરી મુજબ રૂ. ૨૩૦૦-૨૨૯૦ આસપાસ આ શેરમાં વધારે લોભ ન રાખતા એન્ટ્રી કરી દેવી અને તે પછી આ શેર સુંદર રિટર્ન આપશે.

**અદાણી ટ્રાન્સમિશન**માં ટ્રેન્ડ હવે ધીરે ધીરે સુધરવાની ગણતરી છે. લોકડાઉન દરમ્યાન આ શેરે ધીરે ધીરે રૂ. ૨૮૦નું લેવલ બતાવી દીધેલું. અત્યારે રૂ. ૨૪૦ ઉપર ચાલે છે. હવે આ શેરમાં અપટ્રેન્ડ શરૂ થવાની ગણતરી. આગામી દિવસોમાં રૂ. ૧૦-૧૦ના ઉછાળા બતાવે તે સંભાવના મજબૂત છે.

શિપીંગ કંપની **જીઈ શિપીંગ**માં પણ હવે ફેન્સી વધી છે. વિશ્વવેપાર ધીરે ધીરે સુધરશે તે આશાવાદ પાછળ રૂ. ૨૬૪ ઉપર તો આવી ગયો અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂ. ૨૭૪ અને તે પછી રૂ. ૨૮૪નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

**આરબીએલ બેંક** અત્યારે રૂ. ૧૮૫ ઉપર ચાલે છે. ગયા અઠવાડિયે પણ આ શેર રૂ. ૧૯૧ના ભાવે લેવાની વાત કરી હતી અને તે પછી થોડોક ઘટ્યો છે. આગામી દિવસોમાં સુંદર ઉછાળાની ગણતરી અને તેથી રોકાણ જાળવી શકાય.

સામે પક્ષે ફાર્મા કંપની **ગ્લેનમાર્ક** અત્યારે રૂ. ૪૬૫ ઉપર છે અને આ શેરમાં તેજી શરૂ થવાની સંભાવના દેખાય છે. વધારે નહી તો ૨૦-૩૦ શેર લઈને મૂકી દેવાય. રૂ. ૫૦ ક્યાં વધી જશે તે પણ ખબર નહિ પડે.

ગયા અઠવાડિયે **એસઆરએફ**નો શેર રૂ. ૪૦૮૧ના ભાવે લેવાની વાત કરી હતી અને એસઆરએફ અત્યારે રૂ. ૪૨૦૬ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં હજી રૂ. ૨૦૦ના ઝડપી ઉછાળાની

## ગામની ગપસપ

- **જીએફએલ લિમિટેડ,** ગુજરાત ફ્લુરો કેમિકલ્સમાંથી અલગ થયેલી કંપની, અત્યારે રૂ. ૯૪-૯૫ ઉપર મળે છે. હજી ઉછાળાની જગ્યા મર્યાદિત, થોડો ઘટે તે પછી નવા રોકાણનો વિચાર કરજો.
- **ઇન્ડિયન હોટલ,** તાતા ગ્રૂપની કંપની અને મુંબઈની ભવ્ય તાજ હોટલ આ કંપની પાસે છે. ટુરિઝમ સેક્ટર માટે હવે સારા દિવસો, શેર લેવાની વાત કરી હતી. વધીને રૂ. ૮૭ ઉપર આવ્યો છે. જાળવી રાખજો, શોર્ટટર્મમાં જ રૂ. ૯૨-૯૪ના ભાવની સંભાવના મજબૂત, આ તબક્કે ઘટવાની જગ્યા નહિવત.
- **બેંક ઓફ બરોડા,** રૂ. ૪૮-૪૯ના ભાવે મળી રહ્યો છે. સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડા વધારે સારા આવવાની ગણતરી. ૫૦-૧૦૦ શેર લઈને મૂકી દેવાય. મધ્યમગાળે રૂ. ૫૫નો ભાવ જોવા મળે.
- **આરબીએલ બેંક,** ગયા અઠવાડિયે પણ ભારપૂર્વક લઈ લેવાની વાત કરી હતી. વધીને રૂ. ૧૮૮ ઉપર તો આવી ગયો. અને હજી આ શેરમાં તોફાની ઉછાળાની જગ્યા. લીધા ન હોય તો ૪૦-૫૦ શેર લઈને મૂકી દેજો, થોડા અઠવાડિયામાં રૂ. ૨૦૦ પ્લસના ભાવની સંભાવના મજબૂત.
- **આઈડીએફસી ફર્સ્ટ બેંક,** છેલ્લા થોડા અઠવાડિયાથી ભારપૂર્વક લેવડાવીએ છીએ. વધીને રૂ. ૩૧ ઉપર આવ્યો છે. જાળવી રાખજો, ધીમા સુધારા સાથે રૂ. ૩૪-૩૫ના ભાવની ગણતરી.
- **પંજાબ નેશનલ બેંક,** ટર્નઅરાઉન્ડ પરિણામોની સંભાવના, રૂ. ૩૪ના ભાવે ખોટો નથી, આગામી દિવસોમાં રૂ. ૩૮નો ભાવ જોવા મળે.
- **સ્ટીલ ઓથોરિટી,** વધીને રૂ. ૩૮-૩૯ ઉપર આવ્યો છે. જાળવી શકાય, નજીકના દિવસોમાં જ રૂ. ૪૪ના ભાવની સંભાવના મજબૂત.
- **આરઈસી લિમિટેડ,** પાવર પ્રોજેક્ટો માટે ધિરાણ આપે છે અને અત્યારે આ ધિરાણો અંગે સરકારનું પ્રોત્સાહન, રૂ. ૧૦૮ના ભાવે શેર એકદમ મફત છે. રૂ. ૫ના જોખમ સામે આ શેરમાં રૂ. ૧૫ના ઉછાળાની જગ્યા.
- **પાવર ફિનાન્સ કોર્પોરેશન,** આરઈસીની કંપની અને શેર અત્યારે રૂ. ૯૧-૯૨ ઉપર મળી રહ્યો છે. જોખમ નહિવત, શોર્ટટર્મમા જ રૂ. ૧૦૦ ઉપરના ભાવની સંભાવના મજબૂત છે.
- **ગેઈલ,** ગેસ ટ્રાન્સમિશનનું કામકાજ અને શેર અત્યારે રૂ. ૯૮ ઉપર, અમુક બિઝનેસ વેચી દેવાય તે સંભાવના હોવા છતાં પણ આ શેરમાં આકર્ષણ વધ્યું છે. નજીકના દિવસોમાં રૂ. ૧૧૦ના ભાવની ગણતરી, નાનું રોકાણ કરી શકાય.
- **નેશનલ એલ્યુમિનિયમ,** ગયા અઠવાડિયે પણ લેવાની વાત કરી હતી. વધીને રૂ. ૩૫ ઉપર આવ્યો. આ શેરમાં ધીમો સુધારો આગળ વધવાની જગ્યા. રૂ. ૪૦-૪૨નો ભાવ બતાવે, જોખમ નહિવત.
- **બેંક ઓફ ઇન્ડિયા,** રૂ. ૪૯માં ૫૦-૧૦૦ શેર લઈને મૂકી દેજો, રૂ. પાંચની નોટ આપે.
- **એસપી એપરલ,** ટેક્ષટાઈલ ઉદ્યોગની કંપની, રેડીમેઈડ ગાર્મેન્ટનું ઉત્પાદન, શેર અત્યારે રૂ. ૮૧ આસપાસ મળી રહ્યો છે. ગાર્મેન્ટની માંગ સુધરવાની ગણતરી. વધારે નહિ તો ૫૦ શેરનું જોખમ લેવાય, શોર્ટટર્મમાં રૂ. ૮૮-૯૦ના ભાવની સંભાવના મજબૂત.
- **નિટ્કો ટાઈલ્સ,** ફંડા મેન્ટલમાં લાંબો કસ નથી, શેર અત્યારે રૂ. ૧૮ ઉપર, મુંબઈના ખેલાડીઓનું ફોકસ, નજીકના દિવસોમાં રૂ. ૨૧ના ભાવની સંભાવના મજબૂત.
- **તામિલનાડુ પેટ્રો પ્રોડક્ટ,** બે અંક પહેલા પણ આ શેર લઈ લેવાની વાત કરી હતી. વધીને રૂ. ૪૦ ઉપર આવ્યો છે. લીધા હોય તો જાળવી રાખજો અને લેવાના બાકી હોય તો ૫૦ શેરનું જોખમ લઈ શકાય. આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૪૪-૪૫ના ભાવની ગણતરી.
- **મધરસન સુમી,** ઓટો એન્સીલરીમાં મોટું નામ, લોકડાઉન દરમ્યાન રૂ. ૮૨ના ભાવે લેવાની વાત કરી હતી. અત્યારે રૂ. ૧૧૬ ઉપર તો આવી ગયો. અડધા શેરમાં પ્રોફિટ બુકીંગ કરીને બાકીના અડધા શેર જાળવી રાખજો, આવતા ત્રણ-ચાર મહિનામાં રૂ. ૧૩૬ના ભાવની સંભાવના મજબૂત.
- **ડોનિયર ઇન્ડસ્ટ્રીઝ,** ડોનિયર બ્રાન્ડ હેઠળ સુટિંગ અને શર્ટિંગનું કામકાજ કરે છે. ટેક્ષટાઈલ ઉદ્યોગ અંગે હવે આશાવાદ, રૂ. ૨૯-૩૦ના ભાવના આ શેરમાં ઝડપી ફરનારને રૂ. ૫ની નોટ મળવાની ગણતરી. નાનું રોકાણ કરી દેવાય.
- **કિર્લોસ્કર ઇલેક્ટ્રીક,** ઈલેક્ટ્રિક મોટરના ઉત્પાદનમાં ખૂબ મોટું નામ, પરંતુ શેર અત્યારે ફક્ત રૂ. ૧૨ના ભાવે મળે છે અને આ શેર ઉપર હવે મુંબઈના ખેલાડીની નજીક, વેચાણ વૃદ્ધિની આશા, થોડાક શેર લઈને મૂકી શકાય. રૂ. ૧૪નો ભાવ થોડા દિવસોમાં જોવા મળે.
- **ઇનોક્સ લેઝર,** ઈનોક્સ બ્રાન્ડ હેઠલ મલ્ટીપ્લેક્સની શૃંખલા ધરાવે છે અને સરકાર આગામી દિવસોમાં મલ્ટીપ્લેક્સ સિનેમા ગૃહ શરૂ કરવાની મંજૂરી આપશે, બિઝનેસ સુધરવાનો અને તે પાછળ આ શેરમાં અત્યારથી જ આકર્ષણ, રૂ. ૨૫૧ના ભાવે દસેક શેર લઈને મૂકી શકાય. શોર્ટટર્મમાં જ રૂ. ૨૭૦-૨૮૦નો ભાવ જોવા મળે.
- **સ્નોમેન લોજિસ્ટિક,** અદાણી લોજિસ્ટિકે આ કંપની હસ્તગત કરવા કરાર કર્યો હતો અને તેમાં કેટલા પ્રમાણમાં ગ્રૂપ આગળ વધ્યું છે તે જોવું પડે. અત્યારે આ શેર તરફ વધી રહેલી ફેન્સી, રૂ. ૩૨ના ભાવે ૧૦૦-૨૦૦ શેર લઈને મૂકી શકાય. રૂ. ૧-૨નું જોખમ, ઉપરમાં રૂ. ૫ વધવાની જગ્યા.
- **કોલ્ટે પાટિલ,** પૂનાની ટોચની રીયલ એસ્ટેટ કંપની અને રીયલ એસ્ટેટ સેક્ટર તરફ સુધારાનો ટ્રેન્ડ, અત્યારના રૂ. ૧૬૦ના ભાવના આ શેરમાં રોકાણ જાળવી રાખજો, આગામી દિવસોમાં સુંદર ઉછાળા સાથે રૂ. ૧૮૦-૧૯૦ના ભાવની ગણતરી.
- **તામિલનાડુ ન્યૂઝ પ્રિન્ટ,** બે અંક પહેલા આ શેર લેવડાવેલો, વધીને રૂ. ૧૨૫ ઉપર આવ્યો છે. અડધા શેરમાં રોકડી કરીને બાકીના અડધા શેરો રૂ. ૧૩૫ આસપાસ આપી દેવા.
- **નાહર સ્પીનીંગ,** એક બીજી ટેક્ષટાઈલ કંપની અને તેના શેરમાં પણ ઉછાળાની જગ્યા, અત્યારે ૫૦ શેરનું જોખમ લઈ શકાય.

**DYNAMIC INDUSTRIES LIMITED**
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન ઍન્ડ ડિસક્લોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સની મીટિંગ ૨૫મી ઓગસ્ટ,૨૦૨૦,મંગળવારેના રોજ સાંજે ૫:૦૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૦મી જૂને,૨૦૨૦ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક સમયગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાના અને મંજૂર કરવાના છે. વધુ વિગતો કંપની ની વેબસાઈટ http://dynaind.com/investors_zone.html અને બીએસઈની વેબસાઈટ www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
કૃનાલ ચૌહાણ
કંપનીસચિવ

સ્થળ: અમદાવાદ
તારીખ :૧૯ ઓગસ્ટ,૨૦૨૦

**POLYLINK POLYMERS (INDIA) LIMITED**

CIN :L17299GJ1993PLC032905
Regd. Office & Works : Block No. 229-230, Valthera, Tal - Dholka, Dist. Ahmedabad-387810
Phone No.079-26427800 FAX No.079-26421864
Email: polylink@polylinkpolymers.com; website: www.polylinkpolymers.com

**Statement of Unaudited Financial Results for the Quarter Ended 30th June, 2019**

(Rupees in Lakhs)

| SR. NO. | PARTICULARS | Quarter Ended 30.06.2020 (Unaudited) | Quarter Ended 31.03.2020 (Audited) | Quarter Ended 30.06.2019 (Unaudited) | Year Ended 31.03.2020 (Audited) |
|---|---|---|---|---|---|
| 1 | Total Revenue from operations | 516.14 | 1,116.94 | 1,501.54 | 4,704.50 |
| 2 | Other Income | 12.25 | 28.87 | 11.76 | 76.30 |
| 3 | Total Income (1+2) | 528.39 | 1,145.81 | 1,513.30 | 4,780.80 |
| 4 | Total Expenses | 530.45 | 1,106.17 | 1,457.28 | 4,636.16 |
| 5 | Profit from ordinary activities before exceptional items and tax (3-4) | (2.06) | 39.64 | 56.02 | 144.64 |
| 6 | Exceptional Item | - | - | - | - |
| 7 | Profit before tax (5+6) | (2.06) | 39.64 | 56.02 | 144.64 |
| 8 | Tax Expenses | (0.95) | 7.89 | 16.25 | 37.96 |
| 9 | Net Profit for the period (7-8) | (1.11) | 31.75 | 39.77 | 106.68 |
| 10 | Other Comprehensive Income (net of tax) | (0.16) | (0.85) | 0.07 | (0.66) |
| 11 | Total Comprehensive Income for the period (9+10) | (1.27) | 30.90 | 39.84 | 106.02 |
| 12 | Paid up Equity share capital | 1105.58 | 1105.58 | 1105.58 | 1,105.58 |
| 13 | Other Equity | | | | 1,231.75 |
| 14 | Earnings per share (nominal value of Rs, 5 each) (for the quarters not annualised) | | | | |
| | (a) Basic (Rs) | (0.005) | 0.14 | 0.18 | 0.48 |
| | (b) Diluted (Rs) | (0.005) | 0.14 | 0.18 | 0.48 |

**Notes :**

1. The above Un-audited standalone financial results for the quarter ended 30th June, 2020 were reviewed by the Audit Committee and approved and taken on record by the Board of Directors at its meeting held on 19th August,2020 as required under Regulation 33 of SEBI ( Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.
2. Previous quarter/period figures have been regrouped /rearranged and reclassified to conform to current period's classification wherever necessary.
3. The above is an extract of the detailed format of the unaudited financial results for the quarter ended 30th June, 2020, filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the unaudited financial results along with review report of the Statutory Auditors is available under Investors section of our website at www.polylinkpolymers.com and under Financial Results at Corporate section of www.bseindia.com.

By order of the board
For, Polylink Polymers (India) Limited
Sd/-
RAVIPRAKASH GOYAL
WHOLE TIME DIRECTOR
DIN : 00040570

Date : 19th August, 2020
Place : Noida

